# રાજદમાંથી ૧૩ ધારાસભ્યો અલગ થયા



## ૧૩ પૈકીના પાંચ ધારાસભ્યો આરજેડીમાં મોડેથી પરત : લોકસભાની ચૂંટણી પહેલા બિહારમાં આરજેડીમાં જોરદાર બળવો : આરજેડી સાથે છેડો ફાડનાર જેડીયુમાં સામેલ થશે : લાલૂ યાદવની કામગીરીથી નાખુશ

પટણા, તા. ૨૪

બિહારમાં લાલુપ્રસાદ યાદવની પાર્ટી આરજેડીને આજે મરણતોળ ફટકો પડ્યો હતો. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આરજેડીના ૧૩ ધારાસભ્યોએ આજે પાર્ટી સાથે છેડો ફાડી લીધો હતો. જો કે, મોડેથી પાંચ ધારાસભ્યો પરત ફર્યા હતા. બિહારમાં લાલૂ યાદવની પાર્ટીમાં ભંગાણની સ્થિતિ સર્જાતા ખળભળાટ મચી ગયો છે. લાલૂ યાદવની પાર્ટીમાં બળવો થયો છે. જેથી લાલૂ યાદવ પોતે પણ હચમચી ઉઠ્યા છે. ૧૩ ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષને લાલૂ યાદવની પાર્ટીથી અલગ થઈ જવા માટે પત્ર સુપ્રત કર્યો છે. જો કે, મોડેથી પાંચ સભ્યો પરત ફર્યા હતા. આ સભ્યોએ વિધાનસભામાં જુદી રીતે બેસવાની પરવાનગી પણ માંગી છે. એવા અહેવાલ મળી રહ્યા છે કે, આ તમામ જેડીયુમાં સામેલ થઈ રહ્યા છે. જોકે, સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જોકે, પક્ષાંતરના કાયદાથી બચવા માટે ઓછામાં ઓછા ૧૫ ધારાસભ્યોની જરૂર રહેશે. અત્રે નોંધનીય છે કે, બિહાર વિધાનસભામાં આરજેડીના ૨૨ ધારાસભ્યો છે. આ અંગે પ્રતિક્રિયા આપતા લાલૂ યાદવે કહ્યું છે કે, માહિતી મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. લાલૂ યાદવની પાર્ટીમાં બળવાનું નેતૃત્વ આરજેડી ધારાસભ્ય સમરા ચૌધરી દ્વારા કરવામાં આવ્યું છે. આ બળવામાં જે સભ્યો સામેલ છે તેમાં સમરા ચૌધરી, લલિત યાદવ, જાવેદ અન્સારી, અખ્તરઉલ ઈસ્લામ, ચંદ્રશેખર, દુર્ગાપ્રસાદ, જીતેન્દ્ર રાય, અનિરુદ્ધ કુમાર, રામલખન, રાઘવેન્દ્ર પ્રતાપ અને ડો. ફૈયાઝનો સમાવેશ થાય છે. આ પ્રસંગે સમરા ચૌધરીએ કહ્યું છે કે, લાલૂ યાદવની પાર્ટી સામાજિક ન્યાયના રસ્તાથી અલગ જતી રહી છે. આવી સ્થિતિમાં અલગ જુથ બનાવીને સામાજિક ન્યાય અને સાંપ્રદાયિક તાકાતોને રોકવા માટેના પ્રયાસ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, લાલૂ યાદવની પાર્ટીનું અસ્તિત્વ હવે નબળું પડી ગયું છે. પાર્ટીના અસ્તિત્વને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છે. આરજેડીના ભંગાણના અહેવાલ પહેલાથી જ આવી ગયા હતા. એમ માનવામાં આવે છે કે, આ તમામ ધારાસભ્યો નિતિશકુમારની જેડીયુમાં સામેલ થશે. જે નેતાઓએ લાલૂ યાદવ સાથે છેડો ફાડ્યો છે તે તમામ લોકોની પોત પોતાના ક્ષેત્રોમાં ખુબ સારી પકડ છે.

## રાજીવ હત્યારાઓની મુક્તિ મામલે ૨૭મીએ સુનાવણી


નવી દિલ્હી, તા. ૨૪

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના હત્યારાઓની મુક્તિની સામે કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને સુપ્રીમ કોર્ટે સ્વીકારી લીધી છે. રાજીવ ગાંધી હત્યા કાંડ મામલામાં ચાર અપરાધીઓની મુક્તિની સામે કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટ ૨૭મી ફેબ્રુઆરીના દિવસે સુનાવણી હાથ ધરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજીવ ગાંધીના હત્યારાઓની મુક્તિનો નિર્ણય તમિળનાડુ સરકારે કર્યો હતો અને આ નિર્ણયની સામે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના હત્યારાઓની મુક્તિ સામે હાલમાં સ્ટે મુકી દેવામાં આવ્યો છે. જયલલિતા સરકારે રાજીવ ગાંધીના હત્યાના તમામ સાત અપરાધીઓને છોડી મુકવાનો આદેશ કર્યો હતો. આની સામે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ગુરુવારના દિવસે હત્યારાઓની મુક્તિ ઉપર સ્ટે મુકીને તમિળનાડુ સરકારને નોટિસ ફટકારીને બે સપ્તાહની અંદર જવાબ આપવા સૂચના આપી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, તમિળનાડુ સરકારને કાયદાકીય પ્રક્રિયાને સંપૂર્ણપણે પાળવી જોઈએ. ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યાના કાવતરાના સાત અપરાધીઓ પેરારિવલન, મુરુગન, સંથન, રોબર્ટ રાજકુમાર, નલિની અને રવિચંદ્રનને જયલલિતા સરકારે મુક્ત કરવાનો નિર્ણય કર્યો હતો. સુપ્રીમ કોર્ટે મંગળવારે ૧૮મી ફેબ્રુઆરીના દિવસે પેરારિવલન, મુરુગન, સંથનની ફાંસીની સજા આજીવન કારાવાસમાં ફેરવી નાંખી હતી. મંગળવારના દિવસે સુપ્રીમ કોર્ટે ફાંસીની સજામાં વિલંબ થવાની સ્થિતિમાં રાજીવ ગાંધી હત્યારાઓની ફાંસીની સજાને આજીવન કારાવાસમાં ફેરવી દીધી હતી. રાજીવ ગાંધીના હત્યારાઓને મુક્ત કરવાના મુદ્દે યુપીએ સરકાર અને તમિળનાડુમાં જયલલિતા સરકાર આમને સામને આવી ગઈ છે. એકબાજુ જયલલિતા સરકાર આ તમામ અપરાધીઓને મુક્ત કરવાની તરફેણમાં છે જ્યારે બીજી બાજુ કેન્દ્ર સરકાર ઈચ્છે છે કે, અપરાધીઓને કોઈપણ કિંમતે છોડી મુકવા જોઈએ નહીં.

## રિલાયન્સ સાથે ગેસની કિંમતોનો મોઈલી દ્વારા બચાવ

નવી દિલ્હી, તા. ૨૪

ગેસની કિંમતો ઉપર આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે ભારે હોબાળો મચાવી દીધા બાદ યુપીએ સરકારે પણ આક્રમક વલણ અપનાવ્યું છે. કોઈપણ દબાણ સમક્ષ નહીં ઝુકવાનું યુપીએ સરકારે નિર્ણય કર્યો છે. ગેસની કિંમતો ઉપર અરવિંદ કેજરીવાલને જડબાતોડ જવાબ આપવાની તૈયારી કેન્દ્ર સરકારે કરી લીધી છે. પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ વડાપ્રધાન મનમોહનસિંહને પત્ર લખીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રી સાથે ગેસની કિંમત અંગે સમજૂતિનો જોરદાર બચાવ કર્યો છે. બિનજરૂરી રીતે હોબાળો મચાવવામાં આવ્યા બાદ આ સમજૂતિને લઈને તમામ સ્પષ્ટતા કરવામાં આવશે. ગેસની કિંમતોમાં વધારો કરવા માટેના કારણો આપીને વડાપ્રધાનને વિરપ્પા મોઈલીએ પત્ર લખ્યો છે અને કહ્યું છે કે, કેજીડી-૬ ગેસ ફિલ્ડ માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના કોન્ટ્રાક્ટને રદ કરી શકાય નહીં. તેમણે કહ્યું છે કે, રિલાયન્સ સાથે સમજૂતિ કોઈપણ કિંમતે રદ થશે નહીં. ગેસની કિંમતો વધારવાનો નિર્ણય બિલકુલ યોગ્ય હોવાનો દાવો પણ મોઈલીએ કર્યો છે. મોઈલીએ આ પત્ર એવા સમયે લખ્યો છે જ્યારે આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો છે. વિરપ્પા મોઈલીએ ભ્રષ્ટાચારના આક્ષેપનો યોગ્ય જવાબ આપવા માટે પણ કમર કસી લીધી છે. ગેસ કિંમતો ઉપર કેજરીવાલની સામે સરકાર ઝુંકશે નહીં. સિંહે પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીને કહ્યું હતું કે, તેઓ સરકારને લખવામાં આવેલા કેજરીવાલના પત્રનો જવાબ આપવામાં આવે. કેજરીવાલના પત્રનો જવાબ આપવા મોઈલીને કહેવામાં આવ્યા બાદ આ અંગેનો ખુલાસો કરવામાં આવ્યો છે. કેજરીવાલે આ પત્રમાં કહ્યું હતું કે, તેમના મુખ્યમંત્રી પદના ગાળા દરમિયાન નોંધવામાં આવેલા ભ્રષ્ટાચાર વિરોધ કેસની તપાસ પુરી ન થાય ત્યા સુધી ગેસની કિંમતોમાં વધારો કરવો જોઈએ નહીં. આ કેસ મુકેશ અંબાણી, મોઈલી અને પૂર્વપ્રધાન મુરલી દેવરાની સામે દાખલ કરવામાં આવ્યો હતો. ગેસની



કિંમત વધારવાને લઈને કેબિનેટ પ્રધાનોની અંબાણી સાથે સાંઠગાંઠ હોવાનો આક્ષેપ કેજરીવાલે કર્યો હતો. આના આધાર પર આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કેજરીવાલ ઈચ્છે છે કે, ધારા ધોરણ ન પાડવાના કારણે સરકાર કેજીડી-૬ના કોન્ટ્રાક્ટને રદ કરે. સરકારી અધિકારીઓએ કહ્યું છે કે, મોઈલીના નિર્ણયની તરફેણ કરવા માટે કેસ અને આરઆઈએલની સાથે કોન્ટ્રાક્ટની બાબતોને આધાર બનાવવામાં આવ્યો છે. કેજરીવાલના એવા દાવાને પડકાર ફેંકવામા આવ્યો છેકે, ડીપ વોટર ફિલ્ડમાંથી ગેસ પ્રોડકશનનો ખર્ચ એક ડોલર પ્રતિ યુનિટથી ઓછો છે. આરઆઈએલે કહ્યું છે કે, તે ખાસ ફિલ્ડના ખર્ચ અને નફાની ગણતરી કરતી નથી. મોઈલીએ કહ્યું છે કે, ઓએનજીસીએ વર્ષ ૨૦૧૨-૧૩માં ગેસ પેદા કરવાનો ખર્ચ ૩.૬ ડોલર પ્રતિ યુનિટ દર્શાવ્યો હતો. કેટલાક મામલાઓમાં આ ખર્ચ ૪.૨ ડોલરના વર્તમાન ભાવથી પણ વધારે હતો. આ મામલાની માહિતી રાખનાર એક વરિષ્ઠ સરકારી અધિકારીએ કહ્યું છે કે, આ સમગ્ર મામલે સ્પષ્ટતા કરવામાં આવી ચુકી છે. પેટ્રોલિયમ પ્રધાને સરકારની સાથે આરઆઈએલના કોન્ટ્રાક્ટને રદ કરવાનો ઈન્કાર કર્યો છે.

**જેલમાં એકાએક દરોડા પડાયા**

## તેજપાલના સેલમાં એક ફોન મળતાં સનસનાટી

પણજી ,તા.૨૪

જેલના સત્તાવારાઓએ એકાએક દરોડા પાડ્યા બાદ વાસકો શહેર નજીક સાદા સબજેલમાંથી નવ મોબાઈલ ફોન કબજે કર્યા છે. તહેલકાના સ્થાપક એડીટર તરુણ તેજપાલના સેલમાંથી પણ એક મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યો છે. ડેપ્યુટી કલેક્ટર ગોરીશ શંખવાલકરે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે એકાએક ચકાસણી સાદા સબજેલમાં આજે સવારે હાથ ધરવામાં આવી હતી. આ એકાએક ચકાસણી દરમિયાન નવ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. તેજપાલની કસ્ટડીમાંથી એક ફોન મળ્યો હતો. તેજપાલ દ્વારા આ મોબાઈલ ફોન લાવવામાં આવ્યો હતો કે કેમ તે અંગે હજુ સુધી કોઈ માહિતી આપવાનો જેલ સત્તાવારાઓએ ઇન્કાર કર્યો છે. જ્યુડીશીયલ લોકઅપ સેલમાં તેજપાલને કઈ કઈ ચીજો આપવામાં આવી છે તે અંગે માહિતી આપવાનો જેલ સત્તાવારાઓએ ઇન્કાર કર્યો છે. તરુણ તેજપાલ ઉપર તેની જુનિયર સાથી ઉપર બળાત્કાર ગુજારવાનો આક્ષેપ છે.

સાદા સબ જેલમાં આ લોકો હાલમાં બંધ છે. તેજપાલની જામીન અરજી ઉપર સુનાવણી ચોથી માર્ચના દિવસે મુંબઈ હાઈકોર્ટની ગોવા બેન્ચ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. તરુણ તેજપાલ સામે હાલમાં સકંજો મજબૂત જમાવવામાં આવ્યો છે.

## સમાચાર ઝલક

- *માયાબેન કોડનાની જામીન અરજી સુપ્રીમે કાઢી નાખી, તેમની તબિયત નાદૂરસ્ત, હાઇકોર્ટ જવા સૂચના.*
- *તહેલકાનાં એડીટર તરૂણ તેજપાલ પાસેથી જેલમાંથી મોબાઇલ જપ્ત કરાયો.*
- *દિલ્હી એમ્સમાં ૪૦૦ કરોડનું કૌભાંડ, આરોગ્ય સંબંધી ગોટાળા થયા.*
- *જૂનાગઢમાં શિવરાત્રીના ભવનાથ મેળાનો પ્રારંભ, હજારો સાધુ-સંતોનું આગમન.*
- *જાપાનમાં બરફ વર્ષાએ સદીનો વિક્રમ તોડ્યો.*
- *કેન્દ્રનાં ગૃહવિભાગે ફિલ્મ અભિનેતા સંજય દત્તનાં પેરોલ વિષે માહિતી માંગી.*
- *પોરબંદરમાં મગફળીના ગોડાઉનમાં આગ, કરોડોની મગફળી બળી રાખ થઇ.*
- *સૂરતમાં નાઇટ મેરેથોનમાં ૫૦,૦૦૦ દોડવીરો જોડાયા.*
- *હવે રેલ્વે ટ્રેન ચૂકી જશો તો રીફંડ નહીં મળે.*
- *૧૫૧ બગીઓ સાથે આણંદમાં પાટીદાર સમાજનો વરઘોડો નીકળ્યો.*
- *યુક્રેનમાં પ્રજામત સામે રાષ્ટ્રપતિને સત્તા છોડવી પડી.*
- *નિર્મલ બાબાને કરચોરી બદલ નોટીસ ફટાકારઇ.*
- *અફઘાનિસ્તાનમાં તાલિબાનોનાં હુમલો, ૨૧ સૈનિકોનાં મોત.*
- *સહકારી બેંકોનાં પાંચ લાખ સુધીના થાપણદારોને ઇન્કમટેક્ષની જાળમાંથી મુક્તિ મળશે.*
- *આર્થિક પગભર મહિલા ભરણપોષણ ખર્ચ માગી શકે નહિ : બોમ્બે હાઇકોર્ટનો ચુકાદો.*
- *જીર-વરૂયાળીમાં વ્યાપક આવકથી ભાવોમાં નરમાશ રહે તેવી સંભાવના.*
- *ખોટા ચૂંટણી વચનો અંગે રાજકીય પક્ષોએ જવાબ આપવો પડશે : ચૂંટણીપંચ.*
- *રિલાયન્સ ટૂંક સમયમાં 4G સર્વિસ શરૂ કરશે.*
- *ભારત પર એલનીનો ત્રાટકવાની સંભાવનાથી વરસાદ ઓછો થશે, વાવેતરમાં ઘટાડો થશે.*
- *દુષ્કર્મના કઠોર કાયદાથી બોગસ કેસમાં વધારો, કાયદાકીય નિષ્ણાતો પણ ચિંતાતૂર.*
- *સાઉદી અરેબિયાના શાસકોએ હજ યાત્રીઓમાં ૨૦% કાપ યથાવત રાખ્યો.*
- *હવે ભ્રષ્ટાચારીઓની પોલ ખોલનારને કાયદાથી રક્ષણ મળશે, સંસદમાં કાયદો પસાર થયો.*
- *એન.પી.એ.થી નફો ધોવાઇ જવાથી પાંચ રાષ્ટ્રીય કૃત બેંકોના શટર પડી જાય તેવાં એંધાણ.*

## સ્પાઈસ જેટ દ્વારા ભાડામાં ૭૫ ટકા સુધીનો ઘટાડો

મુંબઈ, તા. ૨૪

વિમાની યાત્રા કરનાર લોકો માટે ખુબ સારા સમાચાર છે. આ ઉનાળાની સિઝનમાં લોકોને મોટી રાહત મળી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. બજેટ કેરિયર સ્પાઈસ જેટે સ્પેશિયલ ઓફર હેઠળ તેના ભાડામાં ૭૫ ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો કરી દીધો છે. છેલ્લા એક મહિનાના ગાળામાં જ ત્રીજી વખત સ્પાઈસ જેટ દ્વારા ઘટાડો કરવામાં આવ્યો છે. કલાનિધિ મારન પ્રમોટેડ કેરિયર સ્પાઈસ જેટે વિમાની ભાડામાં ઉલ્લેખનીય ઘટાડો કરી દીધો છે. આ ઘટાડેલા ભાડાનો લાભ ઉનાળા પહેલા બુકિંગ કરાવનાર લોકો ઉભાવી શકશે. સુપર સમરસેલ ઓફર હેઠળ બુકિંગ બુધવાર સુધી ખુલ્લી રહેશે. આજે જારી કરવામાં આવેલી યાદીમાં સ્પાઈસ જેટ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. સુપર સમર સેલની ઓફરમાં ૭૫ ટકા સુધીની ઓછા ભાડાની ઓફર કરવામાં આવી રહી છે. એરલાઈન્સે



યાદી જારી કરીને કહ્યું છે કે, ૧લી એપ્રિલ અને ૩૦મી જૂન વચ્ચેના ગાળામાં પ્રવાસ કરનાર લોકોને આ સુવિધા મળશે. અગાઉ આવી જ બે સ્કીમોને શાનદાર સફળતા મળ્યા બાદ સ્પાઈસ જેટ દ્વારા આ ઓફર કરવામાં આવી છે. આનો હેતુ ખુબ ઉંચા ડિસ્કાઉન્ટના દરે એડવાન્સ ખરીદી રેટ પર યાત્રીઓને ઉપલબ્ધ રહેલી બેઠકો આપવાનો છે. વિમાનમાં કોઈપણ સીટ ખાલી ન રહે તે હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. સ્પાઈસ જેટના ચીફ ઓપરેટિંગ ઓફિસર સંજીવ કપૂરે કહ્યું છે કે, અગાઉ સુપર સેલમાં બુક કરાવનાર કસ્ટમરો તરફથી જોરદાર પ્રસિસાદ મળી રહ્યો છે. વિમાની પ્રવાસને વધુ પોસાય તેવા બનાવવાના હેતુસર આ નિર્ણય કરાયો છે. આ એડવાન્સ ખરીદીની ઓફર માત્ર કસ્ટમરો માટે જ નહીં બલ્કે એરલાઈનો માટે પણ ફાયદાકારક રહેશે. પ્રવાસ ઈન્ડસ્ટ્રી માટે પણ ફાયદાકારક રહેશે. કારણ કે એરલાઈન ઈન્ડસ્ટ્રીમાં હાલ મંદી પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં સ્પાઈસ જેટે આ ઓફર કરીને સ્પર્ધાને વધુ તીવ્ર બનાવી દીધી છે.

## ઈટાલીના બંને જવાનોને ફાંસીની સજા નહીં થાય

નવી દિલ્હી, તા. ૨૪

કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં માહિતી આપી હતી કે, બે માછીમારોની હત્યા કરવાના આક્ષેપોનો સામનો કરી રહેલા ઈટાલિયન મરીનોને મૃત્યુદંડની સજા કરવામાં આવશે નહીં. કેન્દ્ર સરકારે તેમની સામે એન્ટી પાઈરેસીના આરોપો પડતા મુકી દીદા છે. ઈટાલિયન મરીન જવાનો સામે એન્ટી પાઈરસીના કાયદા હેઠળ ખટલો ચલાવવામાં આવશે નહીં. ઈટાલી દ્વારા આ કેસને બંધ કરવાની માંગ કરવામાં આવી હતી અને કહ્યું હતું કે, એસયુએના આરોપો વગર એનઆઈએ આ કેસમાં તપાસ કરવાનો અધિકાર ધરાવતી નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, એનઆઈએ અથવા અન્ય કોઈતપાસ સંસ્થા આ કેસને હાથ ધરી શકે છે કે કેમ તેમાં તપાસ કરશે.

## સંજય દત્તને પેરોલ મુદ્દે અંતે અહેવાલ આપવાનો આદેશ

નવી દિલ્હી, તા. ૨૪

અભિનેતા સંજય દત્તને પેરોલ લંબાવવાના મુદ્દે વિખવાદ હજુ શાંત થાય તેવી શક્યતા દેખાઈ રહી નથી. ભારે હોબાળો થઈ ગયા બાદ કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા આ મામલે હવે મહારાષ્ટ્ર સરકાર પાસેથી અહેવાલની



માંગ કરી છે. સંજય દત્તને વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસના સંબંધમાં શસ્ત્રો રાખવા બદલ સુપ્રીમ કોર્ટે અપરાધી ઠેરવ્યો હતો અને તેને છ વર્ષની જેલની સજા ફટકારી હતી. સંજય દત્તે અગાઉ ૧૮ મહિનાની જેલની સજા ભોગવી હતી. બાકીની સજા ગાળવાના હેતુસર ૧૮મી મે ૨૦૧૩ના દિવસે ટાડા કોર્ટ સમક્ષ સંજય દત્તે શરણાગતિ સ્વીકારી લીધી હતી. એક વર્ષથી પણ ઓછા સમયગાળાની અંદર સંજય દત્તને મહારાષ્ટ્ર સરકાર દ્વારા ત્રણ વખત પેરોલ મંજુર કરવામાં આવ્યા છે. ૫૪ વર્ષીય સંજય દત્ત ૩૧મી ડિસેમ્બર બાદથી પેરોલ ઉપર છે. ૨૧મી ફેબ્રુઆરીના દિવસે સંજય દત્ત પુણેમાં યરવાડા જેલમાં પરત ફર્યો હતો. દત્તે તેની અસ્વસ્થ થયેલી પત્નીની કાળજી માટે પેરોલ માટે અરજી કરી હતી અને તેની ઈચ્છા માન્ય રાખવામાં આવી હતી તેના પેરોલ ૨૧મી માર્ચ સુધી લંબાવી દેવામાં આવ્યા હતા. વારંવાર પેરોલ લંબાવવાને લઈને જુદા જુદા વર્ગો તરફથી ટિકા ટિપ્પણીનો સામનો કરવામાં આવી રહ્યો છે. એવો આક્ષેપ પણ થઈ રહ્યો છે કે, સંજય દત્તને બચાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. આગામી દિવસોમાં સંજય દત્તને વારંવાર પેરોલનો મુદ્દો છવાયેલો રહે તેવી શક્યતા છે.

## સુનંદાની ઘાતકી હત્યા કરાઈ હોવાનો દાવો કરાતા ચકચાર

નવી દિલ્હી, તા. ૨૪

કેન્દ્રીય પ્રધાન શશી થરૂરના પત્નિ સુનંદા પુષ્કરના મોતના મામલામાં નવો વળાંક આવી ગયો છે. ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ સુનંદાના મોતને હત્યા તરીકે ગણાવીને ખળભળાટ મચાવી દીધો છે. સ્વામીએ કહ્યું છે કે, થરુરના પત્ની સુનંદાની હત્યા કરવામાં આવી હતી.ટ્વીટર ઉપર સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું છે કે, સુનંદાના પેટથી લઈને શરીરના જુદા જુદા હિસ્સાઓ ઉપરઅનેક જગ્યાઓએ ઘાના નિશાન હતા. સુનંદાના નાકને દબાવીને રશિયન ઝેર નાંખી દેવામાં આવ્યું હતું. આના માટે તેમની પાસે પુરાવા હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. સ્વામીએ કહ્યું છે કે, સુનંદાના મૃતદેહના ફોટા નષ્ટ કરી દેવામાં આવ્યા હતા. પોતાના પત્નિ સુનંદાના રહસ્યમય સંજોગોમાં મોતના પાંચ સપ્તાહ બાદ કેન્દ્રીય પ્રધાન શશી થરુરે કહ્યું હતું કે, તેઓ દિલ્હી પોલીસ દ્વારા આ મામલામાં કરવામાં આવી રહેલી તપાસની ગતિને લઈને ખુશ નથી.સુનંદા પુષ્કર ૧૬મી જાન્યુઆરીના દિવસે દિલ્હીના એક ફાઈવ સ્ટાર હોટલમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. ૨૧મી જાન્યુઆરીના દિવસે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સુનંદાના મોતને એકાએક અને બિનકુદરતી તરીકે ગણાવીને ચકચાર જગાવવામાં આવ્યો હતો. જ્યારે મોતની પાછળ રહેલા અસરકારણને ઝેરના કારણે મોત થયું હોવાનું જાણવામાં આવી રહ્યું હતું. ત્યારબાદ મેજિસ્ટ્રેટે સમગ્ર મામલામાં દિલ્હી પોલીસને ઉંડી તપાસ કરવા માટે સૂચના આપી હતી. સુનંદા શશી થરુરના પત્નિ હોવાની સાથે સાથે જુદા જુદા ક્ષેત્રો સાથે જોડાયેલા સેલિબ્રિટી તરીકે હતા. ફેશનની દુનિયા સાથે જોડાયેલી સેલિબ્રિટી તરીકે હતી. આઈપીએલમાં વિવાદ વેળા પણ સુનંદાનું નામ સપાટી ઉપર આવ્યું હતું. આ ઉપરાંત જુદા જુદા કાર્યક્રમોમાં સુનંદા હંમેશા નજરે પડતી હતી.

ફિલ્મ ઉદ્યોગમાં પણ તેની ખુબ સારી ઓળખ હતી. બોલીવુડના મોટાભાગના કલાકારોએ સુનંદાના મોતને લઈને આઘાતની લાગણી એ વખતે વક્ત કરી હતી. આજે એક નવો વળાંક આવતા ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે. સુબ્રમણ્યમ સ્વામીના આક્ષેપ મામલે સુનંદાના પરિવારના સભ્યો તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા અપાઈ નથી.

## આજથી એશિયા કપ ક્રિકેટ

દુબઈ,તા.૨૪

ઢાકામાં આવતીકાલથી પ્રતિષ્ઠિત એશિયા કપ ક્રિકેટની શરૂઆત થઈ રહી છે. આ સ્પર્ધામાં પાંચ ટીમો મેદાનમાં ઉતરનાર છે જેમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. આ ચેમ્પિયનશીપની તમામ મેચો ઢાકામાં રમાનાર છે જેથી ઢાકામાં રમાનારી મેચોને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. કરોડો ક્રિકેટ ચાહકોને જેનો સૌથી વધારે ઇંતજાર છે તે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ મિરપુરમાં બીજી માર્ચના દિવસે સેરબાંગલા નેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. ભારતીય ટીમ હજુ સુધી હોટ ફેવરિટ દેખાઈ રહી છે પરંતુ ઘર આંગણે બાંગ્લાદેશ પણ સારો દેખાવ કરવા પ્રયાસ કરી શકે છે. બીજી બાજુ શ્રીલંકા અને પાકિસ્તાન જેવી ટીમો પણ ટીમ ઈન્ડિયાને પડકાર ફેંકવા માટે સજ્જ છે. આ ટુર્નામેન્ટની છેલ્લી અને ફાઈનલ મેચ મિરપુરમાં આઠમી માર્ચના દિવસે રમાશે. આ ટુર્નામેન્ટની શરૂઆત આવતીકાલે પાકિસ્તાન અને શ્રીલંકા સાથે રમાનારી મેચ સાથે થશે. આ મેચ ફતુલાહ ખાતે રમાશે. ભારતને હોટ



ફેવરિટ ગણવામાં આવે છે. ભારત હજુ સુધી ૧૧૫ રેટિંગ પોઈન્ટ સાથે બીજા ક્રમાંક ઉપર છે જ્યારે શ્રીલંકન ટીમ અને પાકિસ્તાનની ટીમ તેની નજીક પહોંચવાના પ્રયાસ કરી શકે છે. ભૂતકાળમાં સુરેશ રૈના અને ગૌતમ ગંભીર તેમજ વિરેન્દ્ર સહેવાગે સફળ રીતે કેપ્ટનશીપ કર્યા બાદ કોહલી ઉપર દબાણ વધી ગયું છે. સહેવાગે ૧૨ પૈકી ૭માં ભારતને જીત અપાવી હતી.

કોહલી વિન્ડીઝ અને શ્રીલંકા સામે ત્રિકોણીય શ્રેણી દરમિયાન જવાબદારી સંભાળી ચૂક્યો છે. ધોનીએ ટીમ ઈન્ડિયાના કેપ્ટન તરીકે એક પછી એક ઉલ્લેખનીય સફળતા અપાવી છે. પાકિસ્તાન સામે રમાનારી મેચને લઈને પૂછવામાં આવતા કોહલીનું કહેવું છે કે અમારા માટે તમામ મેચો મહત્વપૂર્ણ છે અને એશિયા કપ જીતવા ઉપર અમે ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. પાકિસ્તાન સામેની મેચ હમેશા ચર્ચાસ્પદ રહે છે. દેખીતી રીતે જ આ મેચ દબાણ અને પ્રેશરવાળી રહે છે. બંને ટીમોના ખેલાડીઓ ઉપર આને લઈને દબાણ રહે છે.

## પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં તીવ્ર ઠંડી

ચંદીગઢ,તા.૨૪

પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં ફરી એકવાર તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આજે પારો ઘણી જગ્યાએ સામાન્ય કરતા પણ નીચી સપાટીએ પહોંચી ગયો હતો. પંજાબમાં અમૃતસર ખાતે બંને રાજ્યોમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ હતી. પંજાબ અને હરિયાણાના તમામ ભાગો કરતા અમૃતસરમાં સૌથી વધારે ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. ચંદીગઢમાં હવામાન વિભાગની કચેરીએ માહિતી આપતા કહ્યું છે કે, લુધિયાણામાં પણ પારો ગગડીને ૮.૧ ડિગ્રી સુધી નીચે પહોંચ્યો છે. જ્યારે અમૃતસરમાં ૫.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હરિયાણાના નારનોલ ખાતે તાપમાન ૬.૫ ડિગ્રી નોંધાયું હતું. જે સામાન્ય કરતા ત્રણ ડિગ્રી ઓછું તાપમાન છે. રોહતકમાં ૬.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું જે સામાન્ય કરતા બે ડિગ્રી ઓછું છે. પંજાબ અને હરિયાણા ઉપરાંત રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં પણ ફરીવાર તીવ્ર ઠંડી પડી રહી છે અને તાપમાન ઘટ્યું છે. ઘણી જગ્યાએ ધુમ્મસની ચાદર પણ જોવા મળી રહી છે.